# ઇતિહાસ જાણવા માટેના સાહિત્યિક સાધનો.

ડો.ગીતા ડી.મારુ
અધ્યાપક સહાયક,
એમ.બી.કોમર્સ & જી.એમ.એન.લાલજી આર્ટ્સ કોલેજ, દહેગામ

# પ્રકરણના મુદ્દાઓ

સાહિત્યિક સાધનો:

1. વૈદિક સાહિત્ય,
2. બ્રાહ્મણગ્રંથો,
3. આરણ્યકો,
4. ઉપનિષદો,
5. સૂત્ર સાહિત્ય,
6. જૈન સાહિત્ય,
7. બૌધ્ધ સાહિત્ય,
8. મહાકાવ્યો,
9. પુરાણો,
10. સ્મૃતિઓ(ધર્મશાસ્ત્રો),
11. અન્ય બિનધાર્મિક સાહિત્ય,
12. સંગમ સાહિત્ય,

## પ્રાચીન ભારતનો ઇતિહાસ - લેખનનાં સાધનો

### ભૌતિક સાધનો

| વસ્તુ | વાસ્તુ |
|---|---|
| ગુફાચિત્રો | ગુફા |
| માટીનાં વાસણ | ઘરો |
| માટીનાં શિલ્પો | સ્તૂપ |
| મોતી | ગુફા |
| રત્નો, | મંદિરો |
| દરદાગીના | ચર્ચ |
| પથ્થરનાં શિલ્પો | મસ્જિદ |
| ધાતુની વસ્તુ | સ્તંભ |
| સિક્કા | |
| શસ્ત્રો | |

### લેખિત સાધનો

- હડપ્પા લિપિના લેખ
- વૈદિક સાહિત્ય
- મેસોપોટેમિયાના ઇષ્ટિકાલેખો
- મહાભારત, રામાયણની હસ્તલિખિત પોથીઓ
- જૈન, બૌદ્ધ સાહિત્ય
- ગ્રીક ઇતિહાસકાર અને પ્રવાસીઓનાં લેખન
- ચીની પ્રવાસીઓનાં પ્રવાસવર્ણન
- વ્યાકરણગ્રંથ, પુરાણગ્રંથ, કોતરેલા લેખો

### મૌખિક સાધનો

પ્રાચીન ભારતના મૌખિક પરંપરાથી સચવાયેલા વૈદિક, બૌદ્ધ અને જૈન સાહિત્ય હવે લેખિત સ્વરૂપમાં ઉપલબ્ધ છે. તેનું રૂપાંતર હવે લેખિત સ્વરૂપમાં થયું હોવા છતાં તેના પઠનની (વાંચનની) પરંપરા આજે પણ ચાલુ છે. મૌખિક સ્વરૂપના તે સાહિત્યનો ઉપયોગ જ્યારે ઇતિહાસના લેખન માટે કરવામાં આવે, ત્યારે તેનો સમાવેશ મૌખિક સાધનોમાં થાય છે.

http://cart.ebalbharati.in/BalBooks/pdfs/605000584.pdf

# વૈદિક સાહિત્ય,

- ઋગ્વેદ:- 10 મંડળો અને 1028 (1017)સુકતો, 1500 થી 1000 BCની વચ્ચે સપ્તસિંધુના પ્રદેશમાં રચના થઈ છે.
- સામવેદ:- સંગીતની માહિતી આપતો વેદ છે. પુરોહિતો દ્વારા યજ્ઞ સમયે ગાન કરવામાં આવતું હતું.
- યજુર્વેદ:- યજ્ઞવિધિઓનો સંગ્રહ છે, તેની 5 શાખાઓ છે. કાઠક, કપિસ્ઠલ, મૈત્રાયણી, તૈતરીય, વાજસનેયી, તેમાં શરૂઆતની ચાર કૃષ્ણ યજુર્વેદ અને છેલ્લી શુક્લ યજુર્વેદના નામે વિખ્યાત છે.
- અથર્વવેદ:-20 મંડળો, 731 ઋચાઓ છે. આમાં મુખ્યત્વે જાદુ, ટોણા, મંત્ર, મારણ, વશીકરણ, ચિકિત્સા, ધનુર્વિદ્યા, વગેરેનો ઉલ્લેખ જોવા મળે છે. આની રચના 1000 BC થી 500 BC ની વચ્ચે કુરુપાંચાલ ક્ષેત્રમાં થઈ હોવાનું મનાય છે.

# બ્રાહ્મણગ્રંથો,

આ ગ્રંથો ગદ્યમાં રચાયા છે. ઉત્તર-વૈદિકયુગના આર્યો વિશેની માહિતી આપણને આ ગ્રંથો માંથી પ્રાપ્ત થાય છે. આ ગ્રંથો વેદોની યોગ્ય વ્યાખ્યા અને સરળ સમજૂતી આપે છે. દરેક વેદને પોતાના બ્રાહ્મણગ્રંથો છે. જેમ કે,

કૌશિતકી અને ઐતરેય એ ઋગ્વેદના બ્રાહ્મણગ્રંથો છે.

સતપથ બ્રાહ્મણ એ યજુર્વેદના બ્રાહ્મણગ્રંથો છે.

પંચવીશ બ્રાહ્મણ એ સમવેદના બ્રાહ્મણગ્રંથો છે.

ગોપથ બ્રાહ્મણ એ અથર્વવેદના બ્રાહ્મણગ્રંથો છે.

# આરણ્યકો,

- આરણ્યકો પણ બ્રાહ્મણ ગ્રંથોનો જ ભાગ ગણવામાં આવે છે. આ ગ્રંથોનું પઠન પાઠન વનો (આરાણ્યક)માં વાન પ્રસ્થીઓ, મુનિઓ તથા વનવાસી સન્યાસીઓ દ્વારા વનોમાં કરવામાં આવતું હોવાથી આ ગ્રંથો આરણ્યકો તરીકે ઓળખાય છે.

# ઉપનિષદો,

- ઉપનિષદોમાં પ્રાચીન ભારતનું તત્વજ્ઞાન સંગ્રહિત છે. આ ગ્રંથોમાં જીવ, આત્મા, પરમાત્મા, બ્રહ્મ, સૃષ્ટિ, કર્મ તથા ભક્તિ બાબતો પર તત્વજ્ઞાન તથા રહસયાત્મક પ્રશ્નોની વિવેચના કરવા આવી છે. આવા ઉપનિષદોની મૂળ સંખ્યા 108 માનવામાં આવે છે. મુખ્ય ઉપનિષદોમાં ઇશ, કેન, કઠ, છાંદોગ્ય, બૃહદારણ્યક, મુંડક, માંડુક્ય વગેરે ઉપનિષદોનું સમાવેશ થાય છે.
- ઉપનિષદોની રચના લગભગ 800 BC થી 500 BC વચ્ચે થઈ હોવાની સંભાવના છે.

# સૂત્ર સાહિત્ય,

- વૈદિક સાહિત્યની જેમ સૂત્ર સાહિત્ય પણ તત્કાલિન સામાજિક તથા ધાર્મિક સ્થિતિ વિશેની માહિતી આપે છે.
- સૂત્ર સાહિત્યમાં ત્રણ સૂત્રો છે. 1- કલ્પસૂત્ર, 2- ગૃહયસૂત્ર અને 3- ધર્મસૂત્ર

# જૈન સાહિત્ય,

- જૈન સાહિત્ય મહાવીર સ્વામીના સમયથી લઈને હેમચંદ્રાચાર્યના સમય સુધી રચાયું છે. આ સાહિત્ય પ્રાકૃત તથા સંસ્કૃતમાં ઉપલબ્ધ છે.
- જૈન સાહિત્ય પ્રાચીન ભારતની એવી બાબતોની માહિતી આપે છે જે બાબતો વૈદિક સાહિત્યમાં નહિવત છે.
- જૈન સાહિત્યિક ગ્રંથોમાં કલ્પસૂત્ર, પરિશિષ્ઠ પર્વ, ભગવતી સૂત્ર, ભદ્રબાહુ ચરિત્ર, ત્રિષષ્ટીશલાકાપુરુષ ચરિત, આદીપુરાણ, ઉત્તરપુરાણ વગેરેનો સમાવેશ થાય છે.

# બૌધ્ધ સાહિત્ય,

- બૌધ્ધ સાહિત્ય એ ત્રિપિટક તરીકે ઓળખાય છે. જેમાં સુત્તપીટક, વિનયપીટક અને અભિધમ્મપીટકનો સમાવેશ થાય છે. આ સિવાય બૌધ્ધ ધર્મમાં બૌધ્ધ સાહિત્ય તરીકે અંગુત્તરનિકાઈ, ખુદધક નિકાઈ, દિવ્યાવદાન, અશોકાવદાન, દીપવંશ, મહાવંશ, બુધ્ધ ચરિત્ર, સૌદરાનંદ, મિલિન્દપન્હો, આર્યમંજુશ્રી મૂલકલ્પ, તથા લલિત વિસ્તાર જેવા અનેક ગ્રંથોનો સમાવેશ થાય છે.

# મહાકાવ્યો,

- પ્રાચીન ભારતીય સાહિત્યમાં બે મહાકાવ્યો ખુબજ પ્રખ્યાત છે. જેમાં રામાયણ અને મહાભારતનો સમાવેશ થાય છે. રામાયણની રચના આદિ વાલ્મીકિ દ્વારા થઈ હતી. રામાયણના શરૂઆતના કુલ 6000 પદ હતા. જે વધીને 24000 પદ થયેલા છે. રામાયણનું હાલનુ સ્વરૂપ ઇ.સ. 5મી સદીથી લઈને ઇ.સ. 12મી સદી સુધી સંકલિત થયું હતું.
- મહાભારતની રચના મુનિ વેદવ્યાસ દ્વારા થઇ હતી. મહાભારત એ રામાયણ કરતાં વધારે મહત્વની રચના ગણાય છે. તેમાં વધારે ઐતિહાસિક અને સાંસ્કુતિક માહિતી મળે છે.
- મહાભારતની શરૂઆતમાં તેના 8,800 પદ હતા જે સમય જતાં 2,400 પદ સુધી પહોંચ્યા ત્યારે તેને “જયસંહિતા અને ભારત”ના નામથી ઓળખાતું હતું. તેના અંતિમ સંકલન વખતે 1,00,000 સુધી પદ બન્યા ત્યારે તેને મહાભારત કે શતસહસ્ત્રી સંહિતા તરીકે ઓળખવામાં આવ્યું.

# પુરાણો,

- પુરાણો માંથી આપણને ભારતની રાજકીય, સામાજિક, ધાર્મિક, આર્થિક ઇતિહાસની પ્રાચીન જાણકારી પ્રાપ્ત થાય છે.
- પુરાણો મુખ્યત્વે 18 છે. જેમાં બ્રહ્મપુરાણ, પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, લિંગપુરાણ, વરાહપુરાણ, સ્કંધપુરાણ, વામનપુરાણ, કૂર્મપુરાણ, મત્સ્યપુરાણ, ગરુણપુરાણ, શિવપુરાણ, ભાગવતપુરાણ, નારદીયપુરાણ, માર્કન્ડેયપુરાણ, ભવિષ્યપુરાણ તથા બ્રહ્માંડપુરાણ તરીકે ઓળખાય છે.
- પુરાણો દ્વારા અનેક રાજાની વંશાવળીઓ, પ્રાચીન રાજવંશો, વહીવટી તંત્ર, ધાર્મિક, આર્થિક આતા તે ઉપરાંતની અનેક માહિતી પુરાણો દ્વારા મળે છે.

# સ્મૃતિઓ(ધર્મશાસ્ત્રો),

- સ્મૃતિઓને ધર્મશાસ્ત્રો તરીકે પણ ઓળખવામાં આવે છે. આમાં મુખ્યત્વે સામાજિક, ધાર્મિક બાબતોનો ઇતિહાસ જોવા મળે છે. આવી સ્મૃતિઓમાં મુખ્ય 4 સ્મૃતિઓનો સમાવેશ થાય છે.
- 1. મનુ સ્મૃતિ (માનવ ધર્મ શાસ્ત્ર), જેની રચના 200 BC થી 200 AD વચ્ચે થઇ હતી.
- 2. યાજ્ઞવાલ્કય સ્મૃતિ
- 3. વિષ્ણુ સ્મૃતિ
- 4, નારદ સ્મૃતિ
- આ સ્મૃતિઓમાં રાજ ધર્મ અને સામાજિક નિયમોનું વર્ણન છે. જેને જે તે સમયે કાયદાનું સ્વરૂપ મળેલું હતું. જેનો ભંગ કરનારને શિક્ષા થતી હતી.

# અન્ય બિનધાર્મિક સાહિત્ય,

- પ્રાચીન ભારતીય ઇતિહાસના સાહિત્યિક સ્ત્રોતોમાં અમુક બિન ધાર્મિક સાહિત્યનો પણ સમાવેશ થાય છે. જેમાં કૌટિલયનું અર્થશાસ્ત્ર, કલ્હણની રજતરંગિણી, પાણીનીનું અષ્ટધ્યાયી, પતંજલિનું મહાભાષ્ય, કાલિદાસની રચનાઓ (અભિજ્ઞાન શાકુંતલમ, મેઘદૂતમ, રઘુવંશમ, માલ્વિકાઅગ્નિમિત્રમ, વિક્રમોવર્ષીય, કુમાર સંભવમ વગેરે) શુદ્રકનું મૃચ્છ કટીકમ, દંડીનું દશકુમાર ચરિતમ, બાણનું હર્ષ ચરિત, તથા કાદમ્બરી બિલ્હણનું વિક્રમાદેવ ચરિત, સોમેશ્વરનું કિર્તિ કૌમુદી, જયાનકનું પૃથ્વીરાજ વિજય, ચંદબરદાઈનું પૃથ્વીરાજ રાસો, વાકપતિરાજનું ગૌડવહો, હેમચંદ્રાચાર્યનું દ્વયા ચરિત, કુમારપાળ રચિત વગેરે અનેક ગ્રંથોનું સમાવેશ થાય છે. જેના દ્વારા પ્રાચીન ભારતના ઇતિહાસની અમુલ્ય માહિતી પ્રાપ્ત થાય છે.

# સંગમ સાહિત્ય,

- સંગમ સાહિત્ય તામિલ ભાષામાં રચાયું છે. જેના દ્વારા દક્ષિણ ભારતીય રાજ્યો ચેર, ચૌલ, અને પાંડયની અગત્યની માહિતી પ્રાપ્ત થાય છે.
- સંગમ સાહિત્યમાં મુખ્યત્વે એતુત્તોકઇ, પુરનનુરૂ, પથુપાત્તું, શિલ્લાપદ્દીકારમ, તોલકાપ્પિયમ, તથા મણિમેખલાઈ જેવી રચનાઓનો સમાવેશ થાય છે.